એક લોકકથા

# સલગમ

ચિત્રો: નિહારિકા શેનૉય




eklavya

એક ડોસાએ સલગમ વાવ્યું અને બોલ્યો,
“ઊગ, સલગમ ઊગ, મધુરું થાજે,
ઊગ, સલગમ ઊગ, જબરું થાજે!”




તો ઊગી નીકળ્યું સલગમ
મીઠું ને મસમોટું!
ડોસો એને કાઢવા ગયો.

ડોસાએ સલગમને ખેંચ્યું,
પૂરું જોર લગાવી ખેંચ્યું,
પણ સલગમ તો નીકળ્યું જ નહીં!
પછી એણે ડોસીને બોલાવી...







ડોસીએ ઝાલ્યો ડોસાને,
ડોસાએ ઝાલ્યું સલગમને.


એકીસાથે બેઉએ ખેંચ્યું,
પૂરું જોર લગાવી ખેંચ્યું,
પણ સલગમ તો નીકળ્યું જ નહીં!
પછી ડોસીએ છોકરીને બોલાવી...



છોકરીએ ઝાલી ડોસીને,
ડોસીએ ઝાલ્યો ડોસાને,
ડોસાએ ઝાલ્યું સલગમને.




એકીસાથે સહુએ ખેંચ્યું,
પૂરું જોર લગાવી ખેંચ્યું,
પણ સલગમ તો નીકળ્યું જ નહીં!
પછી છોકરીએ ખચ્ચરને બોલાવ્યું...



ખચ્ચરે ઝાલી છોકરીને,
છોકરીએ ઝાલી ડોસીને,
ડોસીએ ઝાલ્યો ડોસાને,
ડોસાએ ઝાલ્યું સલગમને.




એકીસાથે સહુએ ખેંચ્યું,
પૂરું જોર લગાવી ખેંચ્યું,
પણ સલગમ તો નીકળ્યું જ નહીં!
પછી ખચ્ચરે કૂતરાને બોલાવ્યો...



કૂતરાએ ઝાલ્યું ખચ્ચરને,
ખચ્ચરે ઝાલી છોકરીને,
છોકરીએ ઝાલી ડોસીને,
ડોસીએ ઝાલ્યો ડોસાને,
ડોસાએ ઝાલ્યું સલગમને.




એકીસાથે સહુએ ખેંચ્યું,
પૂરું જોર લગાવી ખેંચ્યું,
પણ સલગમ તો નીકળ્યું જ નહીં!
પછી કૂતરાએ બિલ્લીને બોલાવી...



બિલ્લીએ ઝાલ્યો કૂતરાને,
કૂતરાએ ઝાલ્યું ખચ્ચરને,
ખચ્ચરે ઝાલી છોકરીને,
છોકરીએ ઝાલી ડોસીને,
ડોસીએ ઝાલ્યો ડોસાને,
ડોસાએ ઝાલ્યું સલગમને.

એકીસાથે સહુએ ખેંચ્યું,
પૂરું જોર લગાવી ખેંચ્યું,
પણ સલગમ તો નીકળ્યું જ નહીં!
પછી બિલ્લીએ ઉંદરને બોલાવ્યો...



ઉંદરે ઝાલી બિલ્લીને,
બિલ્લીએ ઝાલ્યો કૂતરાને,
કૂતરાએ ઝાલ્યું ખચ્ચરને,
ખચ્ચરે ઝાલી છોકરીને,
છોકરીએ ઝાલી ડોસીને,
ડોસીએ ઝાલ્યો ડોસાને,
ડોસાએ ઝાલ્યું સલગમને.






એકીસાથે સહુએ ખેંચ્યું,
પૂરું જોર લગાવી ખેંચ્યું, હઈ..શૉ...
અને આખરે સલગમને કાઢી જ લીધું!

નીકળ્યું સલગમ સટ્ટાક
ને પડ્યા બધાં ધબ્બાક!

પછી...
સલગમ પડ્યું ડોસા ઉપર,
ડોસો પડ્યો ડોસી ઉપર,
ડોસી પડી છોકરી ઉપર,
છોકરી પડી ખચ્ચર ઉપર,
ખચ્ચર પડ્યું કૂતરા ઉપર,
કૂતરો પડ્યો બિલ્લી ઉપર,
બિલ્લી પડી ઉંદર ઉપર.



## મોટેરાં માટે થોડીક વાતો...

મોટી ચોપડી અથવા ‘બિગ બુક’ – નાનાં બાળકોને પુસ્તકો તથા વાંચન સાથે ઘરોબો કેળવવાનો મજાનો ઉપાય છે. બાળકોને સમૂહમાં ચિત્ર બતાવી કોઈ વાર્તા સંભળાવવી હોય અથવા વર્ગમાં બધાં બાળકોને સાથે લઈને વાંચવું હોય ત્યારે સામાન્ય કદની ચોપડી નાની પડતી હોય છે. ત્યારે હાલમાં પ્રારંભિક વાચકો માટે મોટી ચોપડી ભાષા શિક્ષણના વર્ગમાં, ખાસ કરીને વાંચન શીખવા માટે ખાસ્સી વપરાવા લાગી છે. પરંતુ ભારતીય ભાષાઓમાં મોટી ચોપડીઓ હજુ પણ દુર્લભ છે. આ સંદર્ભમાં કરવામાં આવેલા પ્રયાસોમાંની એક ચોપડી છે – *સલગમ.*

બાળકોની સાથે આ પુસ્તકનો ઉપયોગ કરતી વખતે, વાર્તા વાંચનની સાથે સાથે પાત્રો, ચિત્રો, ઘટના અને વિવિધ ભાવો પર બાળકો સાથે સવાલ-જવાબ કરો. પ્રત્યેક ચિત્ર પર તેમની સાથે વાતચીત કરો. બાળકો સાથે આ પુસ્તક વાપરવા અંગેની થોડી વાતો અને પ્રવૃત્તિઓ માટે નીચે આપેલ QR કોડ સ્કૅન કરો.




**સલગમ / SALGAM**
**એક લોકકથા**

ગુજરાતી ભાષાંતર: મિતાલી બક્ષી
ચિત્રો: નિહારિકા શેનોય
પ્રકાશન: આર્ચ ટીમ, બંસી (સંપાદન), મમતા શર્મા (ભાષાશુદ્ધિ), કનક શશી (ડિઝાઇન), ઇન્દુ નાયર, ખીઝર મહોમ્મદ, કમલેશ યાદવ (ઉત્પાદન)

મૂળ એકલવ્ય દ્વારા પ્રકાશિત હિન્દી વાર્તા ‘शलजम’ નું ગુજરાતી ભાષાંતર.

પહેલું સંસ્કરણ: જૂન 2024 / 1000 પ્રત
કાગળ: 170 gsm આર્ટ કાર્ડ (કાગળ) અને 300 gsm આઈવરી શીટ (પૂઠું)
ISBN: 978-81-19771-44-8
કિંમત: ₹ 200.00

સહપ્રકાશક:
**એકલવ્ય ફાઉન્ડેશન** (Eklavya Foundation)
જમનાલાલ બજાજ પરિસર, જાટખેડી,
ભોપાલ - 462 026 (મધ્ય પ્રદેશ)
ફોન: +91 755 - 297 7770, 71, 72
www.eklavya.in | pitara@eklavya.in

**આર્ચ** (ARCH)
નગારિયા, ધરમપુર.
વલસાડ - 396 050 (ગુજરાત)
ફોન: +91 98256 51341
arch.dharampur@gmail.com

મુદ્રક: ભંડારી પ્રેસ, ભોપાલ


eklavya ARCH

કિંમત: ₹ 200.00

9 788119 771448